# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર : –**

**:: જાહેર નોટીસ ::**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી–જૂનાગઢ સંલગ્ન સર્વે સંબંધિત કોલેજોનાં આચાર્યશ્રીઓ પી.જી.સેન્ટરનાં વડા તથા અનુસ્નાતક ભવનનાં વડાઓને જણાવવાનું કે વિદ્યાર્થીઓના જાહેર હિતમાં નોટીસ આપવામાં આવે છે. કે યુ.જી.સી./રાજય સરકારશ્રી તેમજ ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અધિનિયમ–૨૦૧૫ અનુસાર યુનિવર્સિટી કાર્યક્ષેત્રમાં યુ.જી.સી./રાજય સરકારશ્રી/યુનિવર્સિટી નિયમાનુસાર કોલેજોનું જોડાણ/માન્યતા આપવામાં આવે છે. પરંતુ કેટલીક બિનઅધિકૃત સંસ્થા ધ્વારા વિદ્યાર્થીઓ/વાલીઓને ગેરમાર્ગ દોરી રાજયની અન્ય યુનિવર્સિટીનું જોડાણ/ માન્યતા દર્શાવે છે. વિદ્યાર્થીઓ/વાલીઓ ધ્વારા યુનિવર્સિટી કાર્યક્ષેત્રની જે તે સંસ્થામાં પ્રવેશ મેળવતા પૂર્વ ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની માન્યતા/જોડાણ મેળવવું જરૂરી છે.

જો કોઈ કોલેજ/સંસ્થા ધ્વારા યુનિવર્સિટીનું જોડાણ મેળવેલ ના હોય તો યુ.જી.સી./રાજય સરકારશ્રી અને યુનિવર્સિટી અધિનિયમ–૨૦૧૫ની કલમ ૭ અનુસાર તે માન્ય નથી.

આ પ્રકારની બિનઅધિકૃત સંસ્થાઓને જાણ કરવામાં આવે છે કે દિન–૧૫માં સંસ્થા બંધ કરી યુનિવર્સિટીને જાણ કરવી અન્યથા યુનિવર્સિટી ધ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની સંપૂર્ણ જવાબદારી જે–તે સંસ્થાની રહેશે. વધુમાં યુનિવર્સિટી ધ્વારા આ અંગે દૈનિક વર્તમાન પત્રોમાં તાજેતરમાં જાહેર નોટીસ પ્રસિઘ્ધ કરવામાં આવેલ છે.

**નોધઃ– સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ પી.જી.સેન્ટરનાં વડાશ્રીઓએ કોલેજનાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિઘ્ધ કરવા વિનંતી.**

K H Bapodra

રજીસ્ટ્રાર

(OSD)

નં. : બીકેએનએમયુ/એકેડેમિક/જોડાણ/ ૪૯૧૭/૨૦૧૮
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજ કેમ્પસ, બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.
તા. ૨૭/૦૧/૨૦૧૮

**પ્રતિ,**
**ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ અને પી.જી. સેન્ટરના વડાઓ તરફ...**

**નકલ સાદર રવાના :–**
૧. માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ...
**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧. આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિઘ્ધ કરવા અર્થે)